ॐ

શ્રીમદ્ બ્રહ્મર્ષિના

વેદોપદેશો.

કર્તા અને પ્રકાશકઃ—
બ્રહ્મર્ષિ શ્રી હરેરામ શર્મા.
તળીયાની પોળ—અમદાવાદ.

૧૦૦૦ સં. ૧૯૭૫

વિજય પ્રિ. પ્રેસમાં ઈશ્વરલાલ કેશવલાલ ગોલ અને માણેકલાલ માધવજીએ છાપ્યું.
ઢીકવા ચોકી—અમદાવાદ.

કીંમત રૂ. ૦-૧-૦



ૐ

॥ ॐ नमः श्री सहस्र रश्मये ॥

શ્રીમદ્ બ્રહ્મર્ષિના વેદોપદેશો.

(ભૈરવી ત્રિતાળ)

પ્રાર્થના પ્રભુ ? આ
અમ્હારી ધ્યાનમાં ધરો !
શુભદેશ ભારતમાં
સનાતન ધર્મ સંચરો ! એ ટાહ.

વિચરે અહીં અભ્યાસિયો ગીતાતણા ઘણા
ઉચ્ચારતા કોઇ વેદનાં પદ મધુર કંઠના.
એ પુણ્ય આપના પ્રદેશે પ્રપંચ આદરી
પાખંડને પ્રસરાવતા મતિમાન બહુ કરી.

નિર્મૂલ તે કરવા
કૃપા કૃપાળ કે'કરો !
ભેદી કલહ સદ્ધર્મનો
હરિ ? આપ સૌ'હરો ! પ્રાર્થના
અરે એ સનાતનધર્મનું
રક્ષણ કરનારા દ્વિજો ?

ફક્ત આ સનાતન વૈદિકધર્મને ફેલાવાન જ ઉદ્દેશવાળા પ્રકરણને અનુમોદન આપો ! પોત-પોતાના કલ્યાણના સાધન સદ્ધર્મને મતભેદ રૂપી મુશળથી ન કચરી નાંખો પરમાત્માના નિઃશ્વાસ રૂપવેદને અને પ્રાચીન મહર્ષિઓની હૃદયશુદ્ધિના પ્રતિબિંબવાળી સ્મૃતિયોને ત્હેમાં

કહેલા કર્મોને આચારમાં મૂકી ખીલવવા પગલા ભરો ! જો તમોને આર્યાવર્તના ઉદયની કામના હોય (?)

અધિકારી જન ?

(લડાયકલાવણીની ધૂન)

સત્ય વચન વદ ? ફરજ અદાકર ?
નિર્મળવર્તન વિસરીશના !
નિત્ય પાઠના નિયમ થકી
સરી કુપાઠ ફંદે ફસીશ ના ? એ રાહ.

સત્યથી ચલિત થવું ના !
ધર્મથી સ્ખલિત થવું ના !
કૌશલ્ય કદી ત્યજવું ના !
આબાદિથી ભ્રષ્ટ થવું ના !
ઉહાપોહને અધ્યયનોથી
લેશ માત્ર ડગવું ના !

દેવ અને પિતૃ કાર્યોથી
ચપળ બની ચળવું ના !
માત, પિતા ગુરૂ તથા અતિથિ
ઈશ્વર છે ઉપાસક થા ? સત્ય.

કર્મો સેવવાં શુદ્ધ સદાયે
અશુદ્ધ જેવાં ના બીજાં,
સચ્ચારિત્ર્ય અમ્હારાં જે જે
તે અનુસરવાં ના બીજાં. સત્ય.

શરીરનું તથા હૃદયનું બળ વધારનાર બ્રહ્મચર્ય છે, યોગ્યરીતિયે બ્રહ્મચર્યને પાળી ગૃહસ્થ બનવું ત્યાર પછી વનવાસી થવું અને આ ત્રણે આશ્રમોથી સાંગોપાંગ પરવારી સન્યાસી થવું બ્રાહ્મણે ચારે આશ્રમ પાળવા, ક્ષત્રિયે ત્રણ, વૈશ્યે બે અને શૂદ્રે એક પાળવો; ઈ. શાસ્ત્રીય શાસન છે. બ્રાહ્મણ સર્વ દેવરૂપ છે સ્મૃતિમાં પણ કહ્યું છે કે—

" સર્વ્વ પ્રાણિતણો સ્વામી
રક્ષવા ધર્મ્મ કોશને
વિશેષે જન્મીને વિપ્ર
ધરામાં ધન્યવાદ લે "

સારાં કાર્ય કરનાર સજ્જન કહેવાય અને ખૂરાં કાર્ય કરનાર દુર્જન કહેવાય. તપ એ શરીરને કષ્ટ આપવા માત્રથીજ તપ કહેવાતું નથી પણ મન અને વચનનું સત્ય તે તપ છે, વેદ શ્રવણ તપ, ઇન્દ્રિયદમન તપ, મનને નિયમમાં રાખવું તે તપ દાન કરવું તે તપ, યજ્ઞથકી દેવયજન કરવું તે તપ તથા ૐ કાર પૂર્વક સવ્યાહૃતિ ગાયત્રિ જપવી તે પણ તપ છે, કહ્યા પૈકી કોઇપણ સાધનથી પરમાત્માની ઉપાસના થાય ત્હેનું નામજ તપ જાણવું. ધર્મના ત્રણ આધાર છે, યજ્ઞ, વેદ પાઠ અને

દાન; આવીજરીતે દાન, દયા અને ઇન્દ્રિય-નિયમન જરૂર શીખવાં સૂર્ય, અગ્નિ, જળ, પવન, બ્રાહ્મણ તથા સદ્‌ગુરૂમાં પરમાત્મનિષ્ઠા રાખીને ઉપાસવા. "શ્રી હરિ એકજ છે ત્હે-મના જેવું બીજું કોઈ નથી." ધ્યાન યોગથી પરમાત્માનુ ચિન્તવન કરવું; આ આત્મા આકાશ પવન અને સૂર્ય્યની માફક, વ્યાપક, પ્રાણ પોષક પ્રકાશક, સૂક્ષ્મ, સર્વ્વનો પોતા-નામાં સમાવેશ કરનાર અને નાશવિનાનો હોવાથી નિત્ય કહેવાય છે. આવિશ્વનાં જન્મ પાલન અને નાશ ત્હેનેજ અધીન અને ત્હેનાથીજ છે.

દિવ્ય જ્યોતિ દેવનું
ત્યહાં સૂર્ય્યના શોભે જરા

ના ચન્દ્ર; તારાઓ, વીજળીઓ,
અગ્નિ તો કયાંથી અહા ?
ત્હેનો પ્રકાશ વહી પ્રકાશે
સર્વ્વ તે પાછળ રહી,
ત્હેની પ્રભાથી આનિખિલ
દીપી રહી ગતિ વિશ્વની.

તે પરમાત્માને જાણવાની ઇચ્છા રાખ્ય !
અરે ! તે વિના મોક્ષનો બીજો માર્ગ નથી.

હું અગાધ આત્મ બોધ છું
શુભ સત્વ યુક્ત હું અવિચ્છિન્ન છું
હું વ્યાપક ને અનિન્દિત છું
અગાધ અમર્યાદ સાવધ [illegible] છું
જહેની ભક્તિ ભલી ત્હેમાં
દેવમાં ગુરૂમાંય તે

ત્હેને આ ઉતક સદ્ધાકયો
સ્ફુરશે શ્રેષ્ઠજીવને

આ પ્રથમ ઉપદેશે.

તા. ૧૩-૭-૧૯

શ્રી રાજનગર શ્રીમદ્ બ્રહ્મચર્યાશ્રમ

ब्रह्मर्षि श्री-हरेराम शर्मा.

શાન્તિવિજય પ્રીન્ટીંગ પ્રેસ-અમદાવાદ.

नवा जमानामें छेल्ली शोध

ब्रह्मर्षिकृत ग्रंथमाला.

हे जगतना जिज्ञासुजनो! इस लोकमान्य लोकप्रिय ग्रंथमाला के सप्रेम ग्राहक बनो

संस्कृत ग्रंथो.	मू–
वेदान्त समुच्चय.	रु. २)
द्विजकर्म समुच्चय चारो वेदोका	रु. १)
सदाचारसमु.	रु. १)
द्विज संस्कारसमु.	रु. १)
शूद्र संस्कारसमु.	रु. १)
ब्रह्मर्षि वृत्ति.	रु. १)
ब्रह्मर्षि गीता.	रु. ०॥
ब्रह्म कर्म समुच्चय.	रु. ०॥
स्तोत्र समुच्चय.	रु. ०।
रामानुजीय मतविमर्दनं.	रु. ०)=

અમારી કૃત ગ્રંથમાળા.

ગુજરાતી ગ્રંથો.	મૂલ્ય
જ્ઞાન ચિંતામણી.	૨—૦-
વર્ણાશ્રમ ધર્મ.	૦—૮-
બ્રહ્મર્ષિ ગીતા.	૦—૮-
બ્રહ્મર્ષિ ઉપદેશ.	૦—૮-
બ્રહ્મર્ષિ ચમત્કાર.	૦—૮-
બ્રહ્મર્ષિ પ્રવાસના અનુભવો	૦—૮.
ધર્મને નામે ધતિંગ.	૦—૮
કળિયુગનો કાળો કેર.	૦—૮
શ્રીહરિ પદ્યમાળા.	૦—૨.
દ્વિજસ્ત્રી નિત્યકર્મ.	૦—૨-
શૂદ્ર અને શૂદ્રસ્ત્રી નિત્યકર્મ.	૦—૨-

મળવાનું ઠેકાણું.

સારંગપુર તળીઆની	બ્રહ્મર્ષિ
પોળ—અમદાવાદ	શ્રી હરેરામ શર્મા